# ઐતિહાસિક તીર્થ પાવાગઢ—ચાંપાનેર

**—શ્રી રત્નમણિરાવ ભીમરાવ**

આ જમાનામાં નશીબની વાત કરીએ તો લોકો હસે. પરંતુ નશીબ જેવી વસ્તુ ભૂમિને – સ્થળોને – શહેરોને પણ હોય છે. એના પ્રત્યક્ષ પુરાવા કયાં નથી મળતા ? દક્ષિણના મોટા સામ્રાજ્યના પાટનગર વિજયનગરની આજે શી સ્થિતિ છે ? ફતેહપુર સીક્રીની શી સ્થિતિ છે? આપણા જ ચાંપાનેરની કેવી સ્થિતિ છે ? એથી વિરુદ્ધ મુંબઈ અને મદ્રાસ માછીમારોનાં ગામડાં હતાં, ત્યાં આજે શું છે ? અને આપણું અમદાવાદ ? અમદાવાદના સ્થળે પ્રાચીન સમૃદ્ધ શહેર હતું, એ ખરી વાત છે, પરંતુ એનું સ્થળ કેવું છે ? આઠ લાખની વસ્તીવાળા શહેરને માટે આવી ધૂળિયા જગા, કાપડની મીલોના ઉદ્યોગનાં કેંદ્ર માટે આવી સૂકી જગા, છતાં શહેરની પ્રગતિ થયા જ કરી છે. અને ચાંપાનેર ! જરા જઈને જુઓ, કેટલી મનોહર જગા છે ! કવિ અને ચિત્રકારને તો આજે એની નિર્જનતામાં પણ વસવું ગમે. વેપારીઓ પણ એક સમયે વસતા હતા ! એ સ્થળે આજે જંગલ અને થોડાં ઝૂંપડાં ? એ નગરને વસાવવાના અને સમૃદ્ધ કરવાના ઘણા પ્રયાસ નકામા ગયા. કેમ ? એવો સહજ પ્રશ્ન થાય, એને ન માનવા છતાં 'નશીબ' એમ બોલી જવાય.

## પાવાગઢનું નામ અને વાતો :

આવા આ સ્થળને માટે પહેલાં કેટલુંક લખાઈ ગયું છે. અહીં એ સ્થળનો ઇતિહાસ એક જુદી દૃષ્ટિથી જોઈએ. ચાંપાનેર અને પાવાગઢનાં નામ શા કારણથી પડયાં, ચાંપાનેરને વસાવનારો કોણ, એ માટે સ્પષ્ટ નિર્ણય થાય એવા આધાર મળી શકયા નથી. આપણી રીત પ્રમાણે પુરાણે એક કારણ આપ્યું છે, તો ઇતિહાસે બીજું કારણ આપ્યું છે અને લોકોક્તિએ ત્રીજું કારણ આપ્યું છે. ઇતિહાસની દૃષ્ટિએ આ કારણો રસમય છે તે જોઈએ.

પાવાગઢ અને ચાંપાનેર – આ બન્ને સ્થળો એકબીજાને અડીને રહેલાં છે. એક પર્વતનું નામ અને બીજું શહેરનું નામ છે. નામમાંથી અનેક અર્થ ઉપજાવવાની આપણી એક પુરાણી રીત છે. આપણા પુરાણોએ નિરુક્તિભેદને નામે એવા અર્થ ઉપજાવવાના પ્રયત્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા છે. 'પ્રભાસ' શબ્દના અર્થો એનો ખાસ દાખલો છે. તે જ પ્રમાણે આપણા ભાટચારણોએ પણ એ રીત અપનાવી છે. આમ કરવામાં તેમણે તરેહવાર વાતો ઉપજાવી કાઢવી પડે છે.

આમ છતાં પણ, ગુજરાતના ઇતિહાસ અને ભૂગોળના પ્રાચીન ઉલ્લેખો જોતાં આ સ્થળના નામનો ખુલાસો મળતો નથી. આપણા કુલ સાત પર્વતોમાં એકનું નામ 'પારિયાત્ર' છે. એને આજે અરવલ્લીની હારમાળા કહે છે. ગુજરાતની પૂર્વ અને ઉત્તર સરહદને આ પર્વતમાળા નક્કી કરે છે. પાવાગઢ આ માળામાંથી છૂટી પડી ગયેલી એક ટેકરી જેવો દેખાય છે. પરંતુ પારિયાત્રમાં 'પા' અક્ષર છે, તેની ઉપરથી જ આ પર્વતનું નામ પડ્યું છે, એમ કહીએ તો હાસ્યાસ્પદ કહેવાય. પુરાણના 'પાવકાચલ' નામ ઉપરથી 'પાવક'નો અર્થ અગ્નિ કરીને આ પર્વત કોઈ જ્વાળામુખીના ફાટવાથી ઉત્પન્ન થયો છે, એમ કેટલાક માને છે. આ વાતને કાંઈ આધાર નથી. 'પાવક'નો અર્થ અગ્નિ કરવો તો 'પવિત્ર કરનાર' એમ કેમ ન કરવો? આમ પાવાગઢના નામ માટે કાંઈ સંતોષકારક ખુલાસો આજ સુધી થયેલાં અનુમાનોમાંથી મળતો નથી. ઉત્તરની વેદભૂમિમાં થઈ ગયેલા અને ગાયત્રી મંત્રના દ્રષ્ટા વિશ્વામિત્રને પૂર્વ ગુજરાતમાં આવી આશ્રમ કરવાનું મન થયું, અને બાર મહિના સૂકા રહેતા વહેળાને પોતાનું નામ આપી 'વિશ્વામિત્રી' કહેવડાવ્યું, એ બુદ્ધિમાં ઉતરે એવું નથી. 'બૃહસ્પતિ સંહિતા' કે રાજશેખરના ભૌગોલિક ઉલ્લેખોમાં આ સ્થળનું નામ નથી દેખાતું. ગુજરાતનાં નદી–પર્વતો રાજશેખર ચોકસાઈથી ગણાવે છે, તેમાં આ સ્થળનું નામ નથી. મહી પછી એક 'હિડિંલા' નામની નદી રાજશેખર ગણાવે છે. તે પછી 'નર્મદા'નું નામ કહે છે. આ કઈ નદી?

## ચાંપાનેરનું નામ :

પાવાગઢ નામના જેવી જ ચાંપાનેર નામની પણ સ્થિતિ છે. વનરાજના સમયમાં ચાંપા વાણિયાએ એ નગર વસાવ્યું કહેવાય છે. પરંતુ વનરાજનું રાજ્ય કેવડું? સરસ્વતી અને રૂપેણની વચ્ચેના વિભાગના એક તાલુકદારના રાજ જેવડું. વનરાજનું મહત્ત્વ એણે અણહિલપુર પાટણ વસાવ્યું તેને લીધે છે. કોઈ ચાંપા ભીલની વાત પણ કહે છે. પંચમહાલ ભીલની વસ્તીનો ભાગ છે. એટલે એ વાત કંઈક બંધ બેસે ખરી. શિવપૂજા આપણા પ્રાંતમાં પ્રાચીન કાળથી છે, અને તે સાથે શક્તિપૂજા પણ છે. હિમાલયનો પુત્ર પંચવક્ત્ર એ નામ શિવનો બીજો પર્યાય જ છે. મહાકાળીના સ્થાનને લીધે અને પાવાગઢનો આકાર પંચકોણ છે, તે કારણે શાક્તો એને પ્રાચીન મહાશક્તિનું સ્થાન માને છે, પરંતુ એની પ્રાચીનતાનું વર્ષ કોઈ રીતે નક્કી થતું નથી અને નામનો સંતોષકારક ખુલાસો થતો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાંપનાથ મહાદેવનું સ્થાન પણ બતાવવામાં આવે છે. 'સ્કંદ પુરાણ'માં 'પાવકાચલ માહાત્મ્ય'માં આ સ્થળનું શિવ અને શક્તિના સ્થળ તરીકે વર્ણન છે. પરંતુ એ માહાત્મ્ય 'સ્કંદ પુરાણ'માં બહુ પ્રાચીન હોય એમ માની શકાય એવું નથી. પાછળથી ઉમેરાયેલું હોય એવું લાગે છે. એની વિસ્તૃત ચર્ચાને અહીં સ્થાન નથી.

પર્વતો ઉપર આવેલાં સુંદર સ્થળોમાં તીર્થસ્થાન સ્થાપવું એ દરેક સંપ્રદાયના અનુયાયીઓને ગમે છે. એટલે પાવાગઢ ઉપર ઘણા પ્રાચીન સમયથી દરેક સંપ્રદાયનાં તીર્થો હશે એમ માનવામાં વાંધો નથી. ચાંપાનેર–પાવાગઢના ઐતિહાસિક ઉલ્લેખો સોલંકી સમય પહેલાંના મળતા નથી, એ ઉપરથી જ એ સમય પહેલાં આવા મનોહર સ્થળમાં કેવળ જંગલ જ હશે એમ માની શકાય નહીં. ઉલ્લેખોના અભાવથી વસ્તુનો અભાવ સિદ્ધ થઈ શકતો નથી, એવા ઘણા દાખલા ઇતિહાસમાં મળે છે. ચાંપાનેર, પાવાગઢ ગુજરાતની પૂર્વ સરહદ પર હોવાથી અને ગુજરાત – માળવાની હદ ઘણી વાર હેરફેર થયા કરી છે, તે કારણથી એના ઉલ્લેખો ઓછા હોય એમ લાગે છે.

## શક્તિપૂજાનું તીર્થ અને દંતકથા :

આજે તો પાવાગઢ મહાકાલીનું પવિત્ર તીર્થ મનાય છે. પર્વત ઉપર જૈનોનાં મંદિરો છે, એટલે જૈન તીર્થ તરીકે વિચાર કરવાનો છે, તે આગળ કરીશું. પરંતુ તે પહેલાં શક્તિના તીર્થની પ્રાચીનતાનો ટૂંકમાં વિચાર કરીએ.

શાક્ત સંપ્રદાય પ્રાચીન છે. એમાં દેવીઓના કુલમાં શ્રીકુલની દેવીમાં 'અંબિકા' અને કાળીકુલની દેવીમાં 'મહાકાલી'નાં સ્થાન આપણા ગુજરાનમાં પ્રાચીન સમયથી છે. ગુજરાતના રાજાઓ શિવ અને શક્તિને માનતા આવ્યા છે અને ગુજરાતનો વેપારી આમ વર્ગ જૈન અને બ્રાહ્મણ ધર્મમાં વહેંચાયેલો રહ્યો છે. શક્તિની પૂજા જૈનોમાં છે, પરંતુ બ્રાહ્મણ અને જૈન સંપ્રદાયોમાં એ પૂજા માટે ભેદ દેખાય છે. આજે પાવાગઢ બ્રાહ્મણ સંપ્રદાયનાં મહાકાલી દેવીનું ધામ છે, અને ચાંપાનેરના રાજાઓ–પાવાપતિઓ એ શક્તિના પૂજક હતા એવો ઉલ્લેખ મળે છે. પરંતુ આ સ્થળમાં શક્તિપૂજા કેટલી પ્રાચીન છે, તેનો ઐતિહાસિક પુરાવો હજી સુધી મળતો નથી. આપણામાં પાવાગઢનાં મહાકાલીનો ગરબો ખૂબ જ લોકપ્રિય અને પ્રસિદ્ધ છે, પરંતુ એ તો આધુનિક છે. બીજો એક ગરબો 'મેના ગુર્જરી'ના ગરબાના નામે પ્રસિદ્ધ છે. એ આજે ઊંચા વર્ણોમાં ગવાતો નથી. એમાં જે વર્ણન છે, તે મુસલમાન સમયનું જણાય છે, અને પાછળનું હોય એવું લાગે છે. પરંતુ તેમાં મહાકાલીના ઉદ્‌ભવની એક દંતકથા કહી છે. તે કથા વિચાર કરાવે તેવી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંડુગઢ માળવાની કોઈ ગુર્જરી–ગૂર્જર કન્યાને બાદશાહને જોવાનું કુતૂહલ થાય છે, અને દહીં વેચનારીનો વેશ લઈ ઘરનાંની મનાઈ છતાં બાદશાહી છાવણીમાં પ્રવેશ કરે છે. બાદશાહ તેના પર મોહ પામે છે અને તેને જનાનામાં આવવા માટે ખૂબ લાલચો આપે છે. છેવટે બાદશાહ ગુજરીને કેદ કરે છે અને ગુર્જરો અને બાદશાહના માણસો વચ્ચે લડાઈ થાય છે અને ગુર્જરો ગુજરીને છોડાવે છે. હવે ગુજરીની સાસુ અને નણંદ એને મેણાં મારીને ઘરમાં પેસવા દેતાં નથી, એટલે ગુજરીને સત ચઢે છે અને તે પાવાગઢમાં આવીને અલોપ થાય છે, તે મહાકાળી કહેવાય છે. ગુજરાતમાં શક્તિપૂજાના ઇતિહાસમાં આવા દાખલા મળે છે, પરંતુ આ કથામાં કેટલું સત્ય છે, તે હજી નક્કી થઈ શક્યું નથી. આજે એમ મનાય છે કે, મહાકાળીની યાત્રાએ જે સંઘો આવે છે, તેમાં ઉચ્ચ વર્ણો કરતાં નીચા વર્ણોની સંખ્યા વધારે હોય છે. જ્યારે શ્રીકુલનાં અંબિકામાં ઉચ્ચ વર્ણો વધારે સંખ્યામાં હોય છે. મેના ગૂજરીનો ગરબો નીચા વર્ણોમાં જ વધારે ગવાય છે, તે આ વાતનો વિચાર કરતાં ખૂબ સૂચક છે. પરંતુ, આટલા ઉપરથી જ મહાકાળીની પાવાગઢ ઉપરની પ્રાચીનતાનો વિચાર થઈ શકે નહીં.

## ઇતિહાસની દૃષ્ટિએ પ્રાચીનતા :

હવે આ સ્થળના સાંપ્રદાયિક ઇતિહાસને ટેકો આપતો મધ્યકાલીન ઇતિહાસ ટૂંકામાં જોઈએ. સોલંકી સમય પહેલાં તો આ સ્થળના ઉલ્લેખો મળતા નથી. એ સમયે પૂર્વ ગુજરાતમાં નાના નાના ભીલ અને રજપૂત ઠાકોરોની સત્તા હોય એમ અનુમાન થઈ શકે. ચૌહાણો પહેલાં અહીં તુંવાર રજપૂતોની સત્તા હતી, એમ 'પૃથુરાજ રાસા'ના ઉલ્લેખ પરથી લાગે છે. રામગૌર તુંવારની સત્તાનો ઉલ્લેખ આવે છે, તે ઉપરથી કાંઈ વિશેષ માહિતી મળતી નથી. સોલંકીઓને માળવા સાથે યુદ્ધો થયા કરતાં, એટલે સરહદ ઉપર આવેલા આ સ્થળનું લશ્કરી મહત્ત્વ તે સમયથી વધ્યું હોય તેમ જણાય છે. એટલે સોલંકી અને વાઘેલાઓના સમયમાં સમય વર્તીને ગુજરાત અને માળવાની બન્ને સત્તાઓ સાથે સંબંધ જાળવી રાખનારા કોઈ નાના રાજાઓ આ સ્થળના અધિકારી હોય એમ અનુમાન કરવું પડે છે.

## પતાઇ ચૌહાણ રાજાઓ :

દિલ્હીના અલ્લાઉદ્દીન ખીલજીએ ગુજરાતમાં રજપૂત રાજ્યનો છેવટનો નાશ કર્યો, તે પહેલાં રજપૂતાનામાંથી હારીને નાઠેલા પૃથ્વીરાજ ચૌહાણના વંશના કોઈ પાલણદેવ નામના સરદારે જંગલો કાપી ચાંપાનેરમાં રાજધાની સ્થાપી એમ કહે છે. એટલે ઈ. સ. ની તેરમી સદીના અંત ભાગથી અહીં ઇતિહાસમાં નોંધી શકાય એવી સતા થઈ, એટલું જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે તો જાણવા મળે છે. આ ચૌહાણો એમના મૂળ પુરુષ ખીચીના નામ ઉપરથી 'ખીચી' કહેવાય છે. પાલણદેવથી શરૂ કરીને આ વંશમાં છેલ્લા રાજા જયસિંહ પાવાપતિની વંશાવળીનો એક લેખ વિ. સં. ૧૫૨૫ નો મળ્યો છે. એમાં જયસિંહને શ્રી શક્તિભક્ત કહ્યો છે, અને પાવાગઢને પાવદુર્ગ કહ્યો છે. અમદાવાદના સુલતાન મહમૂદ બેગડાએ આ જયસિંહ પતાઈ રાવળને હરાવી આ સ્થળને અમદાવાદની સલ્તનતમાં મેળવી દીધું અને રાજધાની અમદાવાદથી ખસેડી ચાંપાનેરમાં લઈ જઈ, એનું નામ મુહમ્મદાવાદ પાડયું. એ પછી એ શહેરની ખ્યાતિ ખૂબ જ વધી, પરંતુ એ થોડા સમયને માટે હતી. આ ઇતિહાસમાં ઉતરવાનું અહીં સ્થાન નથી. મહમૂદ બેગડાના પુત્ર બહાદુરશાહને હુમાયું બાદશાહે હરાવ્યો ને ચાંપાનેર જીતી લીધું. બ્રિટીશ સમયમાં એ નગરને સમૃદ્ધ કરવાના પ્રયાસો નકામા ગયા. આ બધા ઇતિહાસને પણ અહીં સ્થાન નથી.

## જૈનોનાં તીર્થો :

એટલે, હવે આ સ્થળ અને એની પ્રાચીનતાનો બીજી દૃષ્ટિએ જરા વિચાર કરીએ. ચાંપાનેર અને પાવાગઢ બે અડોઅડ આવી રહેલાં સ્થળો છે. એનાં નામ માટે થયેલાં અનુમાનો જોઈ ગયા અને એમાં એક પણ સંતોષકારક ખુલાસો થાય એવું મળ્યું નથી, એ પણ જોયું. એટલે, એક બીજું અનુમાન કરીએ. તેને માટે મળતા આધારો હવે જોઈએ. ગૂજરાતમાં ચાલતા પ્રાચીન સંપ્રદાયોનો ઉલ્લેખ ઉપર કર્યો છે. બૌદ્ધ અને જૈન સંપ્રદાયો પણ ગૂજરાતમાં પ્રાચીન સયયથી ચાલતા હતા. એમાં બૌદ્ધ સંપ્રદાય લગભગ આઠમી સદીથી દેખાતો બંધ થઈ ગયો અને શૈવ તથા જૈન સંપ્રદાયનું જોર વધતું ગયું. જૈન સંપ્રદાય ગૂજરાતમાં ઘણો જૂનો હશે, એ તો જૈન માન્યતા પ્રમાણે શત્રુંજય તીર્થ અને ગિરનારના તીર્થ ઉપરથી કહી શકાય. ઐતિહાસિક દૃષ્ટિએ કેટલાક જૈન સંપ્રદાયનું ગૂજરાતમાં ઈ. સ. ની બીજી સદીમાં આગમન થયું એમ કહે છે, કેટલાક ચોથી સદી કહે છે. એ વિવાદમાં અહીં ઉતરવાની જરૂર નથી. જૈનો એમનાં પ્રાચીન તીર્થોને ભરત ચક્રવતી અને સંપ્રતિ રાજાના સમયનાં કહે છે, એ ચર્ચાને પણ અહીં સ્થાન નથી. સંપ્રતિ રાજાના સમયનું તીર્થ કે મૂર્તિ એટલે ઘણું જ પ્રાચીન તીર્થ કે મૂર્તિ એટલું માનીને આગળ વિચાર કરીશું. બીજી એક વાત એ છે કે, ગૂજરાતના પર્વતો ઉપરનાં સુંદર સ્થળોમાં જૈનોએ મોટાં તીર્થો કર્યાં છે. શિવ અને શક્તિની સાથે હોય એવાં સ્થળોમાં જૈન તીર્થો પણ સમર્થ બન્યાં છે. એટલે પાવાગઢ જેવા રમણીય પર્વત ઉપર જૈન તીર્થ હોય અને સમૃદ્ધ હોય, એમાં કોઈ આશ્ચર્ય નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## એક જુદું અનુમાન :

ચાંપાનેર – પાવાગઢ સ્થાનના માટે એક વખત આપણા ગૂજરાતના સર્વતોમુખી વિદ્વાન સ્વ. આચાર્ય શ્રી આનંદશંકરભાઈ સાથે મારે વાત થઈ હતી. એમની લાક્ષણિક રીત પ્રમાણે એ સ્થળોને માટે એમણે એક વિચારપ્રેરક વાત કહી. એમણે કહ્યું : હિંદુસ્તાનના નકશાને ઊભો બેવડો વાળો, તો આપણું ચાંપાનેર – પાવાગઢનું સ્થાન સામે પૂર્વ તરફ બિહાર–બંગાળાના જે ભાગને અડશે, તેની લગભગ પાસે, જૈનોની પરમ પવિત્ર ગણાતી બે પુરીઓ છે : તેનાં નામ પાવાપુરી અને ચંપાપુરી છે. આપણા ભૌગોલિક ઇતિહાસમાં એવા દાખલા બનેલા છે કે, જનસમૂહ પોતાનાં સ્થાનોના નામો બીજી જગ્યાઓમાં જઈને પણ આપે છે. મથુરાનું દક્ષિણમાં મદુરા થયું, કાશીનું કાંચી થયું, એ પ્રમાણે જૈનોએ ચંપાપુરી અને પાવાપુરીનાં જૈન તીર્થોનાં નામ ગૂજરાતનાં આ બે સ્થાનોને આપ્યાં છે, એવો સંભવ છે. આચાર્યશ્રીનું અનુમાન ખૂબ જ વિચાર કરાવે તેવું છે અને ઉપર જે અનુમાન કર્યાં, તેના કરતાં વધારે સુસંગત પણ જણાય છે. આ વાત જો આધારથી સિદ્ધ થઈ શકે, તો ચાંપાનેર – પાવાગઢને પ્રાચીન તીર્થ માનવામાં વાંધો ન આવે. એમ માનવાથી શૈવ અને શક્તિનાં તીર્થોની માન્યતાને કાંઈ જ વાંધો આવતો નથી. આપણાં બધાં મોટાં તીર્થોમાં, બધા જ સંપ્રદાયનાં તીર્થો સાથે સાથે રહીને સંપથી સમૃદ્ધ થયાં છે. ગિરનાર, આબુ અને પાવાગઢ એનાં ઉદાહરણો છે.

## જૈન સાહિત્યના ઉલ્લેખો :

આજે આ જૈન તીર્થ જે સ્થિતિમાં ઊભું છે, તેના ઉપરથી એની પ્રાચીનતાનો વિચાર થઈ શકે તેમ નથી. એટલે, મોટે ભાગે પ્રાચીન જૈન સાહિત્ય ઉપર આપણે આધાર રાખવો પડે. એ રીતે જોતાં ચાંપાનેરમાં જૈન સંઘ ધનવાન હતો અને એમણે ત્યાં બાવન જિનાલયનું મોટું મંદિર બંધાવ્યું હતું. એમાં ચોથા તીર્થંકર ભગવાન અભિનંદન–નાથની અને જીરાવલ્લા પાર્શ્વનાથની પ્રતિમાઓ મુખ્ય હતી. આ બન્ને પ્રતિમાઓની અંજન સલાકા અને પ્રતિષ્ઠા ઈ. સ. ૧૦૫૬ માં વૈશાખ સુદી પાંચમ ને ગુરુવારે આચાર્યશ્રી ગુણસાગર-સૂરીશ્વરજીને હાથે થઈ હતી અને એ નિમિત્તના મહોત્સવથી ચાંપાનેરના સંઘમાં ખૂબ આનંદ વર્તાયો હતો.

આ ઉલ્લેખ જોતાં ચાંપાનેર અગિયારમી સદીમાં સમૃદ્ધ શહેર હતું, એટલું તો માનવું જ પડે. આબુ, ચંદ્રાવતી અને આરાસણ (કુંભારિયા)માં ભવ્ય જૈન મંદિરો આ સમયની આસપાસ જ બંધાયાના ઉલ્લેખો મળે છે, અને મોઢેરાનું સૂર્યમંદિર પણ એ જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરસામાં બંધાયું છે. ગુજરાતનાં હિંદુ સમયનાં સ્થાપત્યોનો આ ઉત્તમ યુગ હતો. એટલે એ સ્થળોએ આજે જે સ્થાપત્ય જણાય છે, એના જેવું આ મંદિર પણ હશે, એટલી માત્ર કલ્પના કરવી પડે. આ સમયે ચાંપાનેરની રાજકીય સ્થિતિ માટે કાંઈ જ જાણવા મળતું નથી. ચૌહાણોનું રાજ્ય તો તેરમી સદીના અંતથી થયું. તે પહેલાં તુંવાર રજપૂતોનું કે કોળી ઠાકોરોનું રાજ્ય હોવું જોઈએ અને એ લોકો આસપાસના કોઈ મોટા રાજાના ખંડિયા હોવા જોઈએ, એટલું અનુમાન થઈ શકે.

## જૈન સંપ્રદાય પ્રમાણે શાસનદેવીઓ :

અહીં એક મહત્ત્વની વાત વિચારવી જોઈએ. જૈન પ્રણાલિકા પ્રમાણે દરેક તીર્થંકરની એક શાસન અધિષ્ઠાયિકા દેવી હોય છે. એ રીતે શ્વેતાંબર મત પ્રમાણે ભગવાન અભિનંદનનાથની શાસનદેવી કાલિકા છે. દિગંબર મત પ્રમાણે ભગવાન સુપાર્શ્વનાથની શાસનદેવી કાલી ગણાય છે. શ્વેતાંબરો ભગવાન સુમતિનાથની શાસનદેવી મહાકાળીને ગણે છે. આમ કાલી અને મહાકાળી જુદી ગણે છે. અંબિકા – અંબાજી એ ભગવાન નેમિનાથની શાસનદેવી છે. આમ ગૂજરાતનાં બે શક્તિપીઠોને બ્રાહ્મણો અને જૈનો બન્ને માને છે; જો કે બન્ને સંપ્રદાય પ્રમાણે એ શક્તિઓનાં પ્રતિમા વિધાનમાં ફેર છે. ગિરનાર ભગવાન નેમિનાથનું સ્થળ છે; ત્યાં અંબિકાનું મંદિર પ્રાચીન ગણાય છે. આરાસણ – કુંભારિયાનાં મંદિરોમાં પણ મુખ્ય મંદિર નેમિનાથજીનું છે. એ જ પ્રમાણે પાવાગઢના કાલિકાની પીઠમાં અભિનંદનનાથજી પ્રભુનું મંદિર મુખ્ય છે, એ ઉલ્લેખો ખૂબ સૂચક છે. એમ કહેવાય છે કે, જૈન પ્રતિમા વિધાનનાં લક્ષણોવાળી કાલીના વિધાનવાળું મંદિર છે. એટલે, અહીં પ્રશ્ન એ થાય છે કે, અસલ બ્રાહ્મણ મત પ્રમાણે શક્તિનું પીઠ હોય, ત્યાં એ જ દેવી જેની શાસન અધિષ્ઠાત્રી હોય, એમનું જિનમંદિર થાય? કે પછી જિનમંદિરની જે શાસન અધિષ્ઠાત્રી દેવી હોય તેનું મંદિર તે સ્થળે થાય અને બન્ને સંપ્રદાયો પોતપોતાનાં વિધાનો પ્રમાણે તેને પૂજે? આ પ્રશ્નમાં ઐતિહાસિક સંશોધનનો વિષય રહેલો છે, અને એની ચર્ચામાં અહીં ઉતરવાની જરૂર નથી. જૈન મત પ્રમાણે પણ કાલીમાતાના પ્રાચીન તીર્થને વાંધો આવતો નથી, એટલું જાણવું અગત્યનું છે. તેરમી સદી પછી ચૌહાણ પાવાપતિઓ પણ કાલીના ભક્ત હતા એ સિદ્ધ વાત છે અને રજપૂત બ્રાહ્મણવિધિ પ્રમાણે માને છે. એટલે બન્ને મત પ્રમાણે કાલી કે મહાકાલીના સ્થાનને વાંધો આવતો નથી.

## બારમી અને તેરમી સદીના ઉલ્લેખો :

ભગવાન અભિનંદનનાથ અને પાર્શ્વનાથનાં મંદિરો જેટલાં જ મહત્ત્વનાં મંદિરો ભગવાન સંભવનાથ અને મહાવીર સ્વામીનાં મંદિરો પણ આ સ્થળે હતાં, એનો ઉલ્લેખ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળે છે. તેમાં સંભવનાથ પ્રભુજીનું મહત્ત્વ ઘણું હોય એમ સમજાય છે. અંચલગચ્છના સ્થાપક શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજા સિદ્ધરાજ જયસિંહના સમયમાં થઈ ગયા. વિક્રમની બારમી સદીમાં સૂરિપદ પ્રાપ્ત કરતાં એમનું નામ વિજયચંદ્ર ઉપાધ્યાય હતું. એમણે પાવાગઢ ઉપર આવીને મહાકાલીને તપથી પ્રસન્ન કર્યાં અને સંભવનાથજીને વંદના કરી. ત્યાંથી સૂરિજીએ ભાલિજ નગર–ભાલેજમાં આવી યશોધન ભણસાળી નામના ગૃહસ્થને ત્યાં પારણાં કર્યાં એવો ઉલ્લેખ 'તપાગચ્છ બૃહત્પટ્ટાવલી'માં છે. એમાં 'પાવાગિરિપીઠ' એવું નામ આપ્યું છે; એટલે એ સ્થળ મહાકાળીનું પ્રસિદ્ધ પીઠ હતું, એમાં શંકા નથી. અંચલગચ્છના આચાર્યો કાલીમાતાને સ્વગચ્છરક્ષિકા માને છે. પાવાગઢની શ્રી સંભવનાથની મૂર્તિ સંપ્રતિ રાજાના સમયની કહેવાતી હતી, એટલે એમનું મંદિર પણ ઘણું પ્રાચીન હોવાનો સંભવ છે. એ જ શ્રી આર્યરક્ષિતસૂરિજીએ આ સ્થળમાં મહાવીર સ્વામીનાં દર્શન વિ. સં. ૧૧૬૯ માં કર્યાં હતાં, એવો ઉલ્લેખ અચલગચ્છની પટ્ટાવલીમાં છે. પરંતુ ભગવાન મહાવીરનું મંદિર તેજપાળે ગોધરાના ઘુઘુલને હરાવીને ચાંપાનેર આવ્યા ત્યારે બાંધ્યું હતું અને એ મંદિર 'સર્વતોભદ્ર'ની બાંધણીનું હતું એમ કહે છે; અને એમાં મહાવીર સ્વામીની મૂર્તિ હતી. એટલે સૂરિજીએ જોયેલું એ મંદિર વસ્તુપાલ–તેજપાલે વધાર્યું કે બીજું જ બાંધ્યું, તે નક્કી થઈ શકતું નથી. પાવાગઢના છેક ઉપરના 'મેલિયા' કહેવાતા મેદાનમાં એક વિશાળ ચૌમુખજીના મંદિર જેવા પાયાનો ઉલ્લેખ ડૉ. ગોએટ્ઝએ કર્યો છે, તે કદાચ આ મંદિર હોય. આગળ જોયું તે જીરાવલ્લા પાર્શ્વનાથજીની મૂર્તિને ગઈ સદીમાં વડોદરા લાવી, ત્યાં મામાની પોળમાં પ્રતિષ્ઠા કરી છે. તપાગચ્છના ૪૪ મા પટ્ટધર શ્રી દેવેંદ્રસૂરિ હરયાણી નગરે ચોમાસું કરી [ વિ. સં. ૧૨૯૮ એટલે ઈ. સ. ૧૨૪૨ ] પાવકાચળ ઉપર શ્રી સંભવનાથને વંદી પછી કર્પટવાણિજ્ય – કપડવંજ આવ્યા હતા, એવો ઉલ્લેખ તપાગચ્છની પટ્ટાવલીમાં છે.

આ બધાં મંદિરોના ઉલ્લેખોમાં શ્રી સંભવનાથ ભગવાનનું મહત્ત્વ વધારે હોય એમ જણાય છે અને એમના મંદિરની પ્રાચીનતા પણ વધારે હોય એમ લાગે છે, પરંતુ એમની સ્થાપનાનું વર્ષ મળતું નથી. વિક્રમની પંદરમી સદીના છેલ્લા પાદમાં પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય અને સુપ્રસિદ્ધ મુનિસુંદરસૂરિજીના ગુરુબંધુ ભુવનસુંદરસૂરિએ પાવાગઢના શ્રી સંભવનાથ પ્રભુજીની સ્તુતિ કરી છે. એમાં પાવાગઢને શત્રુંજય તીર્થના અવતાર તરીકે વર્ણવે છે. શ્લોકો આ પ્રમાણે છે :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थितं पुण्डरीकाचलस्यावतारेऽखिलक्ष्माधरश्रेणिशृंगारहारे ।
तृतीयंजिनंकुंददंतं भदंतं स्तुवे पावके भूधरे संभवं तम् ॥

—પર્વતોમાં સુંદર અને પુંડરીકાચલ એટલે શત્રુંજયના અવતાર જેવા પાવકાચલ ઉપર રહેલા ત્રીજા તીર્થંકર ભગવાન કુંદપુષ્પ જેવા દાંતવાળા, શ્રી સંભવનાથ પ્રભુની હું સ્તુતિ કરું છું.

એ પછીના શ્લોકમાં ચાંપાનેર અને પાવાગઢ બન્ને નામો સાથે આવે છે અને શ્રી સંભવનાથનું મંદિર પણ પર્વત પર હોય એવું સમજાય છે:

चांपानेरपुरावतंसविशदे श्री पावकाद्रौ स्थितम् ।
सार्वं संभवनायकं त्रिभुवनालंकारहारोपमम् ॥

'ગુરુ ગુણરત્નાકર' નામના પુસ્તકમાં માંડવગઢના સંઘપતિ વલ્લાકે પણ શ્રી પાવાગઢના શ્રી સંભવનાથ જિનેશ્વરને વંદીને શાંતિ મેળવી હતી, એવો ઉલ્લેખ મળે છે. ખંભાતના શેઠ મેઘા શાહે પંદરમી સદીમાં સંભવનાથના મંદિરમાં આઠ દેવકુલિકાઓ કરાવી સોમસુંદરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવેલી.

## પંદરમી અને સોળમી સદીના ઉલ્લેખો :

પંદરમી સદીના છેલ્લા પાદમાં સુલતાન મહમૂદ બેગડાએ ચાંપાનેર જીતી લીધું, ત્યાં સુધી એ સ્થળ જૈન તીર્થ તરીકે ખૂબ જ સમૃદ્ધ હતું. જૈનાચાર્ય શ્રી સોમદેવસૂરિજીએ જયસિંહ પાવાપતિને ઉપદેશ કર્યો હતો, એમ 'ઉપદેશ તરંગિણી' નામના પુસ્તકમાં ઉલ્લેખ છે.

પાટણના વીસા પોરવાડ સંઘવી ખીમસિંહે સુંદર જિનમંદિર બનાવ્યું હતું અને વિ. સં. ૧૫૨૭ ના પોષ વદી પાંચમને દિવસે પ્રતિષ્ઠા કરાવી હતી. મારવાડમાં આવેલા નાડલાઈ નામના પ્રસિદ્ધ તીર્થમાં વિ. સં. ૧૫૭૧ ના લેખમાં કહે છે કે "શ્રી પ્રમોદચંદ્રગુરુપદેશાત્ ચંપકપુર્યં શ્રીસંઘેન કારિતા દેવકુલિકા ચિરં જીયાત્" એ જ લેખમાં પછીની લીટીઓમાં એ જ સંવતમાં 'ચંપકદુર્ગ શ્રીસંઘ' અને 'ચંપકનેર શ્રીસંઘ'નાં નામ આવે છે. વચ્ચે પત્તન (પાટણ) ના સંઘનું નામ અને પછી એક લીટીમાં 'મહમદાવાદ સંઘેન' એવું નામ છે, એટલે નાડલાઈ તીર્થમાં આ બધાં શહેરોના સંઘોએ કંઈ કાર્ય કર્યું હોય એમ કહી શકાય અને એમાં ચાંપાનેરનાં નામ જુદી જુદી રીતે લખેલાં મળે છે. નાડોલના જૈન તીર્થના વિ. સં. ૧૫૦૮ ના લેખમાં 'ચંપકમેરુ' એવું નામ પણ આવે છે. આમાં વિ. સં. ૧૫૧૦ એટલે ઈ. સ. ૧૫૧૫ નો ઉલ્લેખ એવું સિદ્ધ કરે છે કે, મહમૂદ બેગડાએ ચાંપાનેર જીત્યા પછી પણ ત્યાં જૈનોની સારી વસ્તી હતી. આ આશરે અર્ધી સદી સુધી ચાંપાનેર ગુજરાતનું પાટનગર રહ્યું. એ અરસામાં કોઈ નવી પ્રતિષ્ઠા થઈ હોય એવા ઉલ્લેખો મળતા નથી. પરંતુ અમદાવાદની પેઠે ચાંપાનેરમાં મુસલમાન અને હિંદુ બન્ને કોમોનો વાસ રહ્યો છે. એ અર્ધી સદીમાં ચાંપાનેરની સમૃદ્ધિ ખૂબ વધી છે. એટલે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંદુ અને જૈન વેપારી કોમો ન રહી હોય તો સમૃદ્ધિ કંઇ એકલા મુસલમાન અમીરો અને લશ્કરી અમલદારોથી વધે નહીં.

## મોગલાઇના ઉલ્લેખો :

'મિરાતે સિકંદરી' ઈ. સ. ૧૬૧૧ માં જહાંગીરના સમયમાં લખાઈ, ત્યારે ચાંપાનેર જંગલ થઈ ગયું હતું, એમ લખે છે. એ કદાચ મુસ્લીમ ચાંપાનેરને માટે હશે, કારણ કે અકબરની ઉદાર રાજનીતિના સમયમાં ચાંપાનેરના જૈનોની ધાર્મિક પ્રવૃત્તિના ઉલ્લેખો મળવા માંડે છે. જગદ્‌ગુરુ કહેવાતા પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિ અને એમના શિષ્યના હાથે આખા દેશમાં જૈન ધાર્મિક કાર્યો થયાના ઉલ્લેખો મળે છે. હુમાયુએ બહાદુરશાહને હરાવી ચાંપાનેર જીતી લીધું. આ બહાદુરશાહના સમયમાં ચાંપાનેર જ ગુજરાતનું પાટનગર હતું. એ સુલતાનના સમયમાં મેવાડના કર્મા શાહને શત્રુંજય તીર્થના ઉદ્ધારનું ફરમાન મળ્યું હતું અને વિ. સં. ૧૫૮૭ (ઇ. સ. ૧૫૩૧)માં એ તીર્થનો ઉદ્ધાર થયો હતો. એટલે બહાદુરશાહના સમયમાં જૈન સંઘની લાગવગ સારી હોય એમ માની શકાય, અને એ સમયમાં તીર્થોનો નાશ તો નહીં થયો હોય એમ કહી શકાય. વિ. સં. ૧૬૩૨ (ઇ. સ. ૧૫૭૬) માં એટલે ગુજરાત જીત્યા પછી તરત જ શ્રી વિજયસેનસૂરીશ્વર ચાંપાનેર પધારેલા અને એમને હાથે શ્રી જશવંત શેઠે મોટો પ્રતિષ્ઠા મહોત્સવ કરાવ્યો હતો. વિ. સં. ૧૬૪૪ (ઈ. સ. ૧૫૮૮)માં ચાંપાનેરથી પાલીતાણાનો સંઘ ઉપડ્યો હતો. તપાગચ્છના ૬૦ મા પટ્ટધર શ્રી વિજયતિલકસૂરિ જ્યારે એમનું નામ 'રામવિજય' હતું, ત્યારે વિ. સં. ૧૬૬૨ (ઈ. સ. ૧૬૦૬) માં પાવાગઢ આવીને વ્રત કરેલું એમ પટ્ટાવલીમાં ઉલ્લેખ છે. તપાગચ્છના ૬૨ મા પટ્ટધર શ્રી વિજયરાજસૂરિએ વિ. સં. ૧૭૦૧ માં 'કુશલવિજય' નામ ધારણ કરીને ચાંપાનેરમાં પંડિતપદ લીધું. આમ સત્તરમી સદીમાં પણ આ તીર્થ હતું એમ સમજાય છે. જો કે, હવે ઘસારો લાગ્યો હોય એવું પણ સમજાય છે અને એનાં કારણો ઐતિહાસિક છે. તેમાં ઊતરવાની અહીં જરૂર નથી. આમ છતાં પણ અઢારમી સદીમાં ચાંપાનેર છેક જંગલ નહીં થયું હોય એમ લાગે છે.

## મોગલાઇનો અંત અને મરાઠા સમયના ઉલ્લેખો :

અઢારમી સદીમાં પાવાગઢમાં મોટા જિનપ્રાસાદ હતા, એમ જૈન કવિ લક્ષ્મીરત્નજી લખે છે. વિ. સં. ૧૭૪૬ માં શ્રી શીલવિજયગણિ ચાંપાનેરમાં હોવા જોઈએ. વિ. સં. ૧૭૯૭ માં અંચલગચ્છના નાયક આચાર્ય શ્રી ઉદયસાગરસૂરિજીએ પાવાગઢની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાત્રા કરી હતી. આમ અઢારમી સદીના અંત સુધીના ઉલ્લેખો મળે છે. પરંતુ આજ તો ચાંપાનેર છેક જંગલની દશામાં છે. ચાંપાનેરમાં ખોદકામ કરતાં જૈન મૂર્તિઓ નીકળ્યાનું પણ કહેવાય છે. પરંતુ જે મંદિરોના ઉલ્લેખો પ્રસિદ્ધ છે, તે તો પાવાગઢના મંદિરો હોય એમ લાગે છે. આજે ઉપર નવ દશ મંદિરો હોય એમ દેખાય છે. ડૉ. ગોએટ્ઝના મત પ્રમાણે પાવાગઢના છેક ઉપરના મેદાનમાં ( જેને ' મૌલિયા ' કહે છે ) જૈન મંદિરના ત્રણ સમૂહો નજરે પડે છે. એક નગરખાના દરવાજા બાવન દેરી અગર નવલખી મંદિરોનો સમૂહ, બીજો કાલિકા માતાજીની ટેકરી નીચે ચંદ્રપ્રભજી અને સુપાર્શ્વનાથજીનાં મંદિરો અને ત્રીજો દૂધિયા તળાવને કાંઠે પાર્શ્વનાથજી મંદિરની આસપાસનાં મંદિરો. આ બધાં મંદિરો આજે મરામત ન થવાથી એના મૂળ સ્વરૂપમાં રહેલાં નથી. મુસલમાન સમયના પાવાગઢના કિલ્લાની આ છેલ્લી રક્ષણ હરોળ હતી. એટલે ત્યાં હિંદુ કે જૈન મંદિરો સુરક્ષિત રહે એમ મનાય નહીં. આ બધાની પાસે ઘણા ભગ્ન અવશેષો પડયા હતા અને ઘણાનો ઉપયોગ સિંધિયા સરકારે માતાજીનાં પગથિયાં બાંધ્યાં તેમાં થયો છે. ઉપર જે ઉલ્લેખો જોયા તેમાં શ્રી ચંદ્રપ્રભુજી અને સુપાર્શ્વનાથજીનાં નામ ડૉ. ગોએટ્ઝા કહે છે, તેમ મળતાં નથી. એટલે ગોએટ્ઝાએ મૂર્તિનાં ચિહ્નો ઉપરથી જો લખ્યું હોય, તો ઉપર ઉલ્લેખેલાં મંદિરો ઉપરાંત આ મંદિરો હશે એમ કહેવાય. નવલખી મંદિરોના સમૂહમાં એક પણ મોટા મંદિરના પાયા ઉપરથી ડૉ. ગોએટ્ઝા એને ચૌમુખજીનું મંદિર કલ્પે છે, એ કદાચ તેજપાલનું સર્વતોભદ્ર મંદિરનું સ્થળ હોય. એ મંદિર ચાંપાનેરની જુમ્મા મસ્જિદની જગાએ હતું એમ માનવું ભૂલભરેલું છે.

આ બધા ઉલ્લેખો જોયા, તે શ્વેતાંબર સંપ્રદાયના છે. પરંતુ દિગંબર સંપ્રદાયવાળાઓ પાવાગઢ તીર્થને દિગંબર મહાતીર્થ માને છે અને પાવાગઢને ખૂબ પવિત્ર માને છે, એમ કહેવાય કે, આ માટે કેટલોક વિવાદ પણ ચાલે છે, પરંતુ આપણે સાંપ્રદાયિક દષ્ટિએ જ જોવાનું જરૂર નથી. જૈન તીર્થ છે એટલી જ વાત મહત્ત્વની છે.

આમ ચાંપાનેર – પાવાગઢ ગુજરાતનું એક ખૂબ જ સુંદર સ્થળ છે. તે ઉપરાંત જૈન અને બ્રાહ્મણોનું પણ તીર્થ છે. ઇતિહાસની દૃષ્ટિએ તો આ સ્થળનું મહત્ત્વ ખૂબ જ છે. એનો ઇતિહાસ એક ત્રણ અંકવાળા કરુણાંત રસમય નાટક જેવો છે. એક સંપૂર્ણ મહાકાવ્યમાં જેમ નવ રસો ભરેલા છે. તેમ આ સ્થળ અને ઇતિહાસમાં બધા રસો ભરેલા છે, આ બધું વર્ણન કરતાં બહુ લંબાણ થાય. આવું સુંદર ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ આજે છેક દરકાર વગરનું અને જંગલમાં પડ્યું છે. પ્રમાણમાં યાત્રિકો પણ ત્યાં ઓછા જાય છે. જૈનો તો બહુ ઓછા જ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાંપાનેર ભગ્ન અવસ્થામાં જંગલથી ઘેરાયેલું છતાં મુસલમાન સ્થાપત્યના સર્વાંગ સુંદર અવશેષોથી ભરેલું છે. હિંદુ ચાંપાનેર પાવાગઢની તળેટીથી પૂર્વોત્તરે હતું. એનું નામ નિશાન આજે નથી. માઈલો સુધી ખંડેરો પડેલાં છે અને સહેજ ખોદતાં કાંઈને કાંઈ અવશેષ મળે છે. પર્વત ઉપર કિલ્લો અને ત્રણ ત્રણ રક્ષણ હરોળોની રચના એ સમયની ઈજનેરીનો ખ્યાલ આપે છે.

ગિરનાર ઉપર એકે તળાવ નથી. આબુ ઉપર મોટું નખી તળાવ છે, પરંતુ નાના સરખા પાવાગઢ ઉપર પાંચ તળાવ છે. તળેટીમાં પણ તળાવો દેખાય છે. આજે ત્યાં જવાની અને રહેવાની સગવડ ઓછી છે. આ વિચિત્ર વસ્તુ સ્થિતિનો નિકાલ લોકોએ પર્યટનની મનોવૃત્તિ વિકસાવીને કરવાનો છે. સૃષ્ટિ સૌંદર્ય, ઈતિહાસ, ધર્મસ્થાન અને અપૂર્વ સ્થાપત્યના અવશેષોવાળું મનોહર સ્થાન ગુજરાતમાં આ એક જ છે. જૈનો તથા જૈનેતર ગુજરાતીઓ આ સ્થાનમાં રસ લે, તો તેનું મહત્ત્વ ખૂબ વધે. અહીં હજી સંશોધનને પણ ખૂબ જ અવકાશ છે.

[ 'ગુજરાતી' દીપોત્સવી અંકમાંથી સાભાર ]

× × ×

# શ્રી વિહરમાન સીમંધર જિન-ભાસ

— દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ

## શ્રી સીમંધર જિન ભાસ

શ્રી સીમંધર[1] સાંભલઉ, એક મોરી અરદાસ;
સગુણ સોહાવા તુમ્હ વિના રયણી હોઈ છ માસ રે. (૧)
જીવન જગધણી, પુરઉનઇ મુજ કોડ રે;
તે તુમ્હનઈ કહિઉં, વાતલડી નઉ મોડ રે. જીવન૦ (૨)
મઇ જાણિઉં અણબોલતઈ, ચઢસિ ઇસિ રાડઈ કાજ;
માતા પિણ માગ્યા પખઈ, પ્રીસઈ નહીં મહારાજ રે. જીવન૦ (૩)
જો સર્વજ્ઞ થકે લહઉં, લોકાલોક સભાવ;
તઉં સિઉં તમ્હનઇ વીસરીઉં, મુઝહિ મનોગત ભાવ રે. જીવન૦ (૪)
જિમ છઇ તિમ જાણઉં, અછઇ મુઝ સઘલો આલો;
તિણિ પરગટ પરકાસતાં, ઉપજઈ મન સંકોચ રે. જીવન૦ (૫)
ભાવંતઉ ન ઉવેખીઇ, અલવિ ન કીજઈ રીસ;
કલ્યાણસાગરપ્રભુહિ, લે મિલઉ મુજનઈ એ જગીસ રે. જીવન૦ (૬)

૧. પ્રાચીન સ્તવનરૂપ આ કૃતિમાં કવિની પ્રભુ પ્રત્યેની ભક્તિ સ્પષ્ટ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org